# આખું ભારત અમારા લગ્નની વિરુદ્ધ હતું - ઈંદિરા ગાંધી

કેટલીક બાબતો અમુક સમયે જરૂર યાદ આવે છે. જો કે ઈંદિરા ગાંધી ભારતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુનાં દીકરી હતાં એટલે તેમની સામે પ્રત્યક્ષ કોઈ નુકસાન કરી શકે તેમ નહોતું પણ તનાવભર્યો સમય વિતી ગયા પછી ક્યારેક યાદ આવતો હોય છે. ઈંદિરા અને ફિરોજના લગ્નનાં ઘણાં વર્ષો બાદ ઈંદિરા ગાંધીએ આર્નોલ્ડ મિકાલિસને આપેલા ઇન્ટરવ્યૂમાં યાદ કર્યું કે, ''લાગતું હતું કે આખું ભારત અમારા લગ્નની વિરુદ્ધ હતું.'' પંડિતોનાં સલાહસૂચન મેળવ્યાં પછી લગ્ન માટે 26 માર્ચનો દિવસ નક્કી કરવામાં આવ્યો કેમ કે તે દિવસે રામનવમી હતી. કૃષ્ણા હઠીસિંહે લખ્યું છે, ''લગભગ 9 વાગ્યે દુલ્હન પોતાના રૂમમાંથી બહાર આવી. તેણે જેલમાં પોતાના પિતાના હાથે ચરખા પર કાંતવામાં આવેલા સૂતરથી બનેલી, ગુલાબી રંગની સાડી પહેરી હતી. તેની બૉર્ડર પર સોનેરી રંગનું ભરતગૂંથણ કરાયું હતું. ઈંદિરાએ તાજાં ફૂલોનો હાર અને કાચની બંગડીઓ પહેરી હતી. ઈંદિરા આટલી સુંદર પહેલાં ક્યારેય લાગી નહોતી. તેનો ચહેરો જાણે ગ્રીક સિક્કા પર બનેલી સુંદર આકૃતિ હોય એવો લાગી રહ્યો હતો.'' આ સમારંભ આનંદ ભવનની બહાર બગીચામાં એક મંડપ નીચે થઈ રહ્યો હતો.

આનંદ ભવનની બહાર બિનઆમંત્રિત હજારો લોકોની ભીડ આ દૃશ્ય જોઈ રહી હતી. એ ભીડમાં અમેરિકન ફેશન મેગેઝિનના ફોટોગ્રાફર નોરવન હેન પણ હતા. તેઓ પોતાના 9 mmના મૂવી કેમેરા વડે આ દૃશ્યને ફિલ્માવવાની કોશિશ કરતા હતા. કેથરીન ફ્રેંકે લખ્યું છે, ''ઈંદિરા અને ફિરોઝનાં લગ્ન ન તો પરંપરાગત હતાં અને ન તો કાયદેસર. એ જમાનાના બ્રિટિશ કાયદા અનુસાર બે અલગ અલગ ધર્મના લોકો ત્યારે જ લગ્ન કરી શકતાં હતાં જ્યારે તેઓ પોતાના ધર્મનો પરિત્યાગ કરી દે. 7 વર્ષ પહેલાં ઈંદિરાના પિતરાઈ ભાઈ બી.કે. નહેરુએ પણ લગભગ આ જ રીતે એક હંગેરિયન યહૂદી છોકરી ફોરી સાથે લગ્ન કર્યાં હતાં.'' વર્ષો પછી જ્યારે ઈંદિરાનાં બીજાં એક જીવનચરિત્રકાર ઉમા વાસુદેવે આ વિશે ઈંદિરા ગાંધીને પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમનો જવાબ હતો, ''મને તેનાથી કશો ફરક નથી પડતો કે એ લગ્ન કાયદેસર હતાં કે ગેરકાયદેસર.''



**કેથરીન ફ્રેંકે લખ્યું છે, ''ઈંદિરા અને ફિરોઝનાં લગ્ન ન તો પરંપરાગત હતાં અને ન તો કાયદેસર. એ જમાનાના બ્રિટિશ કાયદા અનુસાર બે અલગ અલગ ધર્મના લોકો ત્યારે જ લગ્ન કરી શકતાં હતાં જ્યારે તેઓ પોતાના ધર્મનો પરિત્યાગ કરી દે**

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

બર્ટિલ ફોકે ફિરોઝ ગાંધીના જીવનચરિત્ર 'ફિરોઝ ધ ફરગોટન ગાંધી'માં લખ્યું છે, ''જ્યારે ફિરોઝ પોતાનાં લગ્નનાં કપડાં પહેરતાં હતાં ત્યારે રત્તીમાઈએ તેમને ખાસ કહ્યું કે, તેઓ પોતાની શેરવાનીની નીચે પારસી પવિત્ર દોરો ધારણ કરે. એ દિવસે ફિરોઝ ઈંદિરા કરતાંયે વધુ ગોરા લાગતા હતા. સમારંભમાં પારસી સમુદાયના ઘણા બધા લોકો સામેલ થયા હતા. તેમાં એ લોકો પણ હાજર હતા જેઓ આનંદ ભવનની બહાર પ્રદર્શન કરીને આ લગ્નનો વિરોધ કરવા માગતા હતા પરંતુ જવાહરલાલ નહેરુએ રત્તીમાઈ ગાંધીને વિનંતી કરી હતી કે તેઓ તેમને એવું ન કરવા માટે મનાવી લે.'' આ લગ્નમાં સામેલ થનારા લોકોમાં નેશનલ હેરલ્ડના સંપાદક રામારાવ પણ હતા.

સાંજના સમયે આનંદ ભવનના ગાર્ડનમાં રખાયેલા ભોજનસમારંભમાં રોટલી અને લીલાં શાકભાજીનું સામાન્ય જમવાનું રખાયું હતું. આ લગ્નમાં સરોજિની નાયડુ, તેમનાં પુત્રી પદ્મજા નાયડુ અને પ્રખ્યાત વૈજ્ઞાનિક મેરી ક્યૂરીનાં પુત્રી ઈવ ક્યૂરી પણ સામેલ થયાં હતાં. પુપુલ જયકરે લખ્યું છે, ''સામાન્ય રીતે ભારતીય લગ્નોમાં પોતાના ઘરેથી વિદાય થતાં સમયે છોકરીઓ રડે છે પરંતુ ઈંદિરા ગાંધી બિલકુલ નહોતાં રડતાં. જવાહરલાલ નહેરુની આંખો ભીની હતી. ઘણા મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓ આ લગ્નમાં નહોતા આવી શક્યા. મહાત્મા ગાંધી પણ આ લગ્નમાં નહોતા આવી શક્યા કેમ કે 26 માર્ચે તેઓ બ્રિટનથી આવેલા સર સ્ટેફર્ડ ક્રિપ્સને મળવા દિલ્હી જવા રવાના થઈ ગયા હતા. લગ્નના દિવસે ક્રિપ્સ ત્યાં હાજર નહોતા પરંતુ લગ્ન પછી તેઓ ખાસ નવદંપતીને અભિનંદન આપવા અલાહાબાદ આવ્યા હતા.'' કોંગ્રેસ અધ્યક્ષ મૌલાના આઝાદ પણ લગ્નમાં પહોંચી નહોતા શક્યા કેમ કે તેમની ટ્રેન મોડી પડી હતી, ઈંદિરાના લગ્નના દિવસે પણ રાજકીય પ્રવૃત્તિઓ અટકાવવામાં નહોતી આવી. બે દિવસ પછી જવાહરલાલ નહેરુ સહિત કોંગ્રેસના બધા જ ટોચના નેતાઓ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, આચાર્ય કૃપલાણી, ભૂલાભાઈ દેસાઈ અને સૈયદ મહમૂદ અલાહાબાદથી દિલ્હી જવા રવાના થયા.

લગ્ન પછી તરત જ ઈંદિરા અને ફિરોઝ ભાડાના એક મકાનમાં રહેવા જતાં રહ્યાં હતાં. એ સમયે ફિરોઝ પાસે નોકરી નહોતી પરંતુ તેઓ અખબારોમાં સ્વતંત્ર લેખ લખીને થોડા પૈસા કમાઈ લેતા હતા. તેઓ કેટલીક વીમા પોલિસીઓ પણ વેચતા હતા, જેનાથી તેમને થોડીક વધારાની આવક થતી હતી. લગ્નના બે દિવસ પછી ફિરોઝનાં માતા રત્તીમાઈ ગાંધીએ જોર્જ ટાઉનમાં આવેલા પોતાના ઘરે એક હાઈ-ટીનું આયોજન કર્યું હતું, જેમાં અલાહાબાદના ભદ્ર વર્ગના લોકો સામેલ થયા હતા. બે મહિના પછી ઈંદિરા અને ફિરોઝ હનીમૂન માટે કાશ્મીર જવા રવાના થયાં. ત્યાંથી ઈંદિરાએ નહેરુને તાર મોકલ્યો, ''જો અમે તમને અહીંની ઠંડી હવા મોકલી શકતાં હોત તો કેટલું સારું!''

# શું મૃત વ્યક્તિની આંગળીથી તેના ફોનનો લોક ખુલી શકે?

આજકાલ સ્માર્ટફોનમાં ફિંગરપ્રિન્ટ સેન્સર એટલા સામાન્ય બની ગયા છે કે દરેક વ્યક્તિ તેનો ઉપયોગ સહજ રીતે કરે છે. પરંતુ એક સવાલ જે ઘણીવાર લોકોને રસ પડે છે તે છેઃ શું કોઈ વ્યક્તિના મૃત્યુ પછી તેના ફોનને તેની ફિંગરપ્રિન્ટથી અનલૉક કરી શકાય છે? આ સવાલ ફક્ત તકનીકી જિજ્ઞાસા જ નહીં પરંતુ સુરક્ષા અને ગોપનીયતાના મુદ્દાઓનો પણ છે.

ફિંગરપ્રિન્ટ ટેકનોલોજી કેવી રીતે કામ કરે છે? : ફિંગરપ્રિન્ટ સેન્સર બાયોમેટ્રિક ટેકનોલોજી પર આધારિત છે, જે તમારી આંગળી પરના અનોખા રિજ પેટર્ન (ઉચ્ચ અને દબાયેલી રેખાઓ) ને સ્કેન કરે છે અને ઓળખે છે. દરેક વ્યક્તિની ફિંગરપ્રિન્ટ જન્મથી જ અનોખી હોય છે અને જીવનભર એકસરખી રહે છે. સેન્સર આ પેટર્નને ડિજિટલ ઈમેજ બનાવે છે અને તેને ફોનના સુરક્ષિત ડેટાબેઝ સાથે મેચ કરે છે. જો મેચ મળે તો ફોન અનલૉક થાય છે. આ પ્રક્રિયા મિલિસેકન્ડમાં પૂર્ણ થાય છે, જે તેને ઝડપી અને અનુકૂળ બનાવે છે. પરંતુ સવાલ એ છે કે શું તે ફક્ત જીવંત આંગળીઓ પર જ કામ કરે છે?

ત્રણ પ્રકારના સેન્સર હોય છેઃ મોબાઈલ ફોનમાં ફિંગરપ્રિન્ટ સેન્સરના ત્રણ મુખ્ય પ્રકાર હોય છે. ઓપ્ટિકલ, કેપેસિટિવ અને અલ્ટ્રાસોનિક. દરેકની પોતાની ટેકનોલોજી અને શક્તિઓ હોય છે. ઓપ્ટિકલ સેન્સરઃ આ સૌથી સામાન્ય અને સસ્તો પ્રકાર છે, જેનો ઉપયોગ મોટાભાગના ઇન-ડિસ્પ્લે ફિંગરપ્રિન્ટ્સમાં થાય છે. તે આંગળીની સપાટી પર પડછાયો નાખવા માટે પ્રકાશ (LED) નો ઉપયોગ કરે છે અને કેમેરા વડે છબી કેપ્ચર કરે છે.



પટ્ટાઓ અને ખીણો વચ્ચેનો વિરોધાભાસ સ્કેન કરવામાં આવે છે. તે ઝડપી છે પરંતુ ગંદકી અથવા ભેજથી પ્રભાવિત થઈ શકે છે. જીવંતતા શોધ અહીં મર્યાદિત છે, તેથી નકલી પ્રિન્ટ (જેમ કે સિલિકોન મોલ્ડ) ભ્રામક હોઈ શકે છે.

કેપેસિટિવ સેન્સરઃ આ એક પરંપરાગત સેન્સર છે જે આંગળી નીચે મૂકવામાં આવે છે (હોમ બટનની જેમ). તે ઇલેક્ટ્રિક ફિલ્ડ (ઇલેક્ટ્રિક ચાર્જ) નો ઉપયોગ કરે છે. ત્વચા ઇલેક્ટ્રિકલી વાહક છે, તેથી ચાર્જ રિજ ઊંચાઈ સાથે બદલાય છે, જેને સેન્સર કેપ્ચર કરે છે. તે સચોટ છે પરંતુ જાડી ત્વચા અથવા ભીના હાથ પર ઓછું અસરકારક છે. મૃત આંગળી પર તે ઝડપથી નિષ્ફળ જાય છે કારણ કે ત્વચા તેની વાહકતા ગુમાવે છે.

અલ્ટ્રાસોનિક સેન્સરઃ આ સૌથી અદ્યતન પ્રકાર છે, જે ધ્વનિ તરંગોમાંથી 3D છબીઓ બનાવે છે. તે ત્વચાની નીચે ઊંડાણ સુધી સ્કેન કરે છે, તેથી તે ભેજ અથવા ગંદકીથી પ્રભાવિત થતું નથી. ક્વોલકોમનું 3D સોનિક સેન્સર એક ઉદાહરણ છે. જીવંતતા શોધ અહીં વધુ મજબૂત છે, કારણ કે તે રક્ત વાહિનીઓ અને ત્વચાની ઊંડાઈની તપાસ કરે છે.

મોટાભાગના કિસ્સાઓમાં સેન્સર 'લાઈવનેસ ડિટેક્શન'નો ઉપયોગ કરે છે. આ ડેટાબેઝમાં ખાતરી કરે છે કે આંગળી નકલી કે મૃત નથી ને. લાઈવનેસ ડિટેક્શન પદ્ધતિઓ પરસેવો, રક્ત પ્રવાહ, તાપમાન અથવા ત્વચાની સૂક્ષ્મ રચના જેવા પરિબળોની તપાસ કરે છે. ઉદાહરણ તરીકે જો આંગળી પરસેવો કે રક્તસ્ત્રાવ ઉત્પન્ન કરતી નથી, તો સેન્સર તેને નકારી શકે છે. હવે, ચાલો મુખ્ય પ્રશ્ન પર આવીએઃ મૃત આંગળી ફોનને અનલૉક કરી શકે છે, પરંતુ આ ઘણા પરિબળો પર આધાર રાખે છેઃ સેન્સરનો પ્રકાર, મૃત્યુ પછીનો સમય અને જીવંતતા શોધની હાજરી.

શરૂઆતના કલાકોમાંઃ મૃત્યુ પછી તરત જ (થોડા કલાકો સુધી), જો આંગળી યોગ્ય સ્થિતિમાં હોય તો કેપેસિટિવ અથવા ઓપ્ટિકલ સેન્સર કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે, 2018 માં, યુ.એસ.માં પોલીસે આઈફોન અનલૉક કરવા માટે મૃત વ્યક્તિની આંગળીના ટેરવે ઉપયોગ કર્યો હતો.